# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


જા.ક્ર.નં.: જી.ટી.યુ./કલ્ચરલ/૨૦૨૨-૨૩/6332 તારીખ:- 17 /08/૨૦૨૨

## પરિપત્ર

વિષય: ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા માઉન્ટ આબુ ખાતે યોજાનાર "પ્રાથમીક ખડક ચઢાણ તાલીમ શિબિર"માં આપની કોલેજના બે પ્રતિનિધિને ભાગ લેવા માટે મોકલવા બાબત.

ઉક્ત વિષય અંગે જણાવવાનું કે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજ્યની રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે આવેલ પર્વતારોહણ સંસ્થામાં એક "પ્રાથમીક ખડક ચઢાણ તાલીમ શિબિર"નું આયોજન કરવાનું વિચારવામાં આવ્યું છે. આ તાલીમ શિબિરમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ કોલેજના વિદ્યાર્થી પ્રતિનિધિઓ ભાગ લઇ શકશે. આ તાલીમ શિબિરમાં જોડાવા માટે આપની કોલેજના એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીનીને પસંદ કરીને તેમના નામ સહિતની વિગતો અત્રે મોકલવાની રહેશે. તાલીમ શિબિરના નિયમો, સંભવિત તારીખ વગેરે આ સાથે પરિશિષ્ટ – ૧ થી સામેલ છે તે વંચાણે લેવા અને તેમાં દર્શાવેલ નિયમો અનુસાર આપની કોલેજના બે પ્રતિનિધિને સદરહુ તાલીમ શિબિરમાં ભાગ લેવા માટે મોકલવા આથી અનુરોધ કરવામાં આવે છે.

આ તાલીમ શિબિરમાં આપ જે બે પ્રતિનિધિ પસંદ કરો તેની વિગતો આ સાથે પરિશિષ્ટ – ૨ થી સામેલ નિયત પ્રવેશપત્રમાં ભરીને, તેમાં આચાર્યશ્રીના સહી-સિક્કા કરી, આપના જવાબીપત્ર સાથે જોડીને અત્રે તારીખ ૧૫/૦૯/૨૦૨૨ સુધીમાં પત્ર દ્વારા તેમજ ઈ-મેઈલ એડ્રેસ – sports@gtu.edu.in પર મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

આ તાલીમ શિબિર અંગે કોઈ મૂંઝવણ હોય કે માર્ગદર્શનની જરૂર હોય તો ફોન નંબર: ૦૭૯-૨૩૨૬૭૬૩૨ તેમજ sports@gtu.edu.in પર સંપર્ક કરી શકશો.

ઉક્ત બાબતે સત્વરે કાર્યવાહી કરી અત્રે બે વિદ્યાર્થી પ્રતિનિધિના નામ મોકલી આપશો જેથી કરીને સૂચિત શિબિરનું આયોજન કરવામાં સરળતા રહે.

બીડાણ: ઉપર મુજબ

કુલસચિવ

પ્રતિ,

(૧) આચાર્યશ્રી / ડાયરેક્ટરશ્રી જી.ટી.યુ. સંલગ્ન તમામ સંસ્થાઓ

(૨) પી.એ / પી.એસ. ટુ માનનીય કુલપતિશ્રી

(૩) પી.એ ટુ માનનીય કુલસચિવ

# પરિશિષ્ટ – ૧

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા માઉન્ટ આબુ ખાતે યોજાનાર "પ્રાથમીક ખડક ચઢાણ તાલીમ શિબિર" ના નિયમો:

નિયમો:

(૧):- આ તાલીમ શિબિર રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે આવેલ ગુજરાત રાજ્ય પર્વતારોહણ સંસ્થામાં યોજાશે.

(૨):- આ તાલીમ શિબિર ૧૦ દિવસ માટે માઉન્ટ આબુ ખાતે યોજાશે.

(૩):- આ તાલીમ શિબિર સંભવતઃ ૨ થી ૧૧ નવેમ્બર ૨૦૨૨ તથા ૧૫ થી ૨૪ નવેમ્બર ૨૦૨૨ ના ગાળા દરમિયાન અનુકુળતા અનુસાર ૧૦ દિવસ માટે યોજાશે.

(૪):- આ શિબિરમાં તમામ દિવસ હાજર રહી તાલીમ લેવી ફરજીયાત રહેશે.

(૫):- દરેક કોલેજ પોતાના પ્રતિનિધિ તરીકે માત્ર બે જ વિદ્યાર્થીને મોકલી શકશે. જેમાં એક વિદ્યાથી ભાઈ અને એક વિદ્યાર્થી બહેન રહેશે. સંસ્થામાં જો માત્ર બહેનો જ અભ્યાસ કરતી હોય તો એક બહેનનું નામ અને માત્ર ભાઈઓ અભ્યાસ કરતા હોય તો માત્ર એક ભાઈનું નામ જ મોકલવાનું રહેશે.

(૬):- શિબિરમાં ભાગ લેવા આવનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને તેમની કોલેજના સ્થળથી માઉન્ટ આબુ સુધી આવવા-જવાનું એસ.ટી. બસનું ભાડું કે રેલ્વે સ્લીપર કોચના ભાડાની મર્યાદામાં આવતું પ્રવાસ ભાડું ચુકવવામાં આવશે.

(૭):- તાલીમાર્થીઓને દસ દિવસની તાલીમ, ભોજન તથા નિવાસની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે.

(૮):- આ તાલીમ શિબિરનો સમય સવારના ૦૫:૦૦ થી સવારના ૦૯:૦૦ તથા સાંજના ૦૪:૦૦ થી ૦૬:૦૦ દરમિયાનનો રહેશે.

(૯):- આ તાલીમ શિબિરમાં ભાગ લેનાર તાલીમાર્થીને ગુજરાત રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશ્નરની કચેરી તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૧૦):- આ શિબિરના આયોજનની તમામ જાણકારી સંસ્થાને કરવામાં આવશે. પસંદ થયેલા શીબીરાર્થીને જાણ કરવાની જવાબદારી સંસ્થાની રહેશે.

(૧૧):- આ તાલીમ શિબિર સાહસિકતા અને પરિશ્રમનો મહિમા કરતી શિબિર છે. તેથી સાહસિક પ્રવૃતિમાં રસ ધરાવતા ભાઈ-બહેનોની પસંદગી કરવા ખાસ અનુરોધ છે.

(૧૨):- આ શિબિરનું પ્રવેશપત્ર પરિપત્રમાં દર્શાવેલ તારીખ સુધીમાં યુનિવર્સિટીને મળી જવું અનિવાર્ય ગણાશે. સમય મર્યાદા બાદ આવેલ પ્રવેશપત્ર સ્વીકારાશે નહિ.

(૧૩):- પસંદગી પામેલા શીબીરાર્થીએ તાલીમમાં જોડાવા આવતી વખતે શારીરિક સજ્જતાનું પ્રમાણપત્ર, કોવીડ-૧૯ ની બે વેક્સીન લીધાનું પ્રમાણપત્ર તથા કોલેજનું આઈ-કાર્ડ પોતાની સાથે રાખવાનું રહેશે.

(૧૪):- ઉક્ત તમામ નિયમોનું પાલન સંસ્થાએ અને શીબીરાર્થીએ ચુસ્ત રીતે કરવાનું રહેશે.

# પરિશિષ્ટ – ૨

**ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા યોજાનાર પ્રાથમીક ખડક ચઢાણ તાલીમ શિબિરમાં ભાગ લેવા આવનાર વિદ્યાર્થી પ્રતિનિધિની વિગતો:**

(૧):- સંસ્થાનું નામ અને સરનામું: ____________________

____________________

____________________

(૨):- તાલીમાર્થીનું નામ અને સરનામું: ____________________

____________________

____________________

(૩):- તાલીમાર્થીએ એન.સી.સી.ની કોઈ તાલીમ લીધી હોય તો તેની વિગત: ____________________

____________________

(૪):- તાલીમાર્થીએ એન.એસ.એસ.ની કોઈ તાલીમ લીધી હોય તો તેની વિગત: ____________________

____________________

(૫):- તાલીમાર્થીએ કોઈ સાહસિક પ્રવૃત્તિમાં ભાગ લીધો હોય કે તાલીમ લીધી હોય તો તેની વિગત: __________

____________________

(૬):- તાલીમાર્થીએ કોઈ નૃત્યની પ્રવૃતિમાં ભાગ લીધો હોય કે તાલીમ લીધી હોય તો તેની વિગત: __________

____________________

(૭):- તાલીમાર્થીનો મોબાઈલ નંબર: ____________________

(૮):- તાલીમાર્થીનું ઈ-મેઈલ એડ્રેસ: ____________________

(૯):- તાલીમાર્થીના અભ્યાસનું વર્ષ: ____________________

(૧૦):- તાલીમાર્થીના અભ્યાસનો વિષય: ____________________

(૧૧):- તાલીમાર્થીનો એનરોલ્મેન્ટ નંબર: ____________________

(૧૨):- તાલીમાર્થીનો કોર્ષ (ડીગ્રી / ડીપ્લોમાં):- ____________________

આચાર્યની સહી: ____________________

આચાર્યનું નામ: ____________________

આચાર્યનો સિક્કો: ____________________